વીકએન્ડ

કવર સ્ટોરી

feedback@bombaysamachar.com
દર્શના વિસરીયા

# બિહારના આ મહાનુભાવે વેક્સિનના ૧૧-૧૧ ડોઝ લઈ લીધા!

આપણે ત્યાં કોરોનાની વેક્સિન ડ્રાઈવ પુરજોશમાં ચાલી રહી છે અને તેમ છતાં કેટલાય લોકો કોઈ ને કોઈ કારણસર વેક્સિનથી કાં તો વંચિત છે કે પછી વેક્સિન મેળવવા માટે જાત જાતના જુગાડ કરી રહ્યા છે, પણ તમે અત્યાર સુધી ક્યારેય કોઈ એવી વ્યક્તિ વિશે કે સાંભળ્યું કે વાંચ્યું છે ખરું કે જેણે વેક્સિનના બે નહીં અગિયાર ડોઝ લીધા હતા અને બારમો ડોઝ લેતી વખતે તેને અટકાવવામાં આવી હોય? સવાલ સાંભળીને જ તમને થશે કે અલા ભાઈ, અહીંયાં બે ડોઝ મેળવવામાં જ લોખંડના ચણા ચાવવા પડે છે તો અગિયાર ડોઝ અને એ પણ કોઈ એક જ વ્યક્તિને મળે એ તો કઈ રીતે શક્ય છે? પણ બૉસ એવું નથી. આ હકીકત છે અને આ વિશે વાત કરતાં નિવૃત્ત પોસ્ટમેન બ્રહ્મદેવ (એટલે કે જેમણે કોરોનાની વેક્સિનના અગિયાર ડોઝ લીધા છે તેઓ) જણાવે છે કે 'આ ડોઝથી મને શરીરમાં થઈ રહેલા વિવિધ દુખાવામાં રાહત મળતી હતી.' એટલું જ નહીં, તેમણે એવો દાવો પણ કર્યો હતો કે અત્યાર સુધી વેક્સિનના આટલા બધા ડોઝ લેવાની કોઈ જ પ્રતિકૂળ અસર તેમના શરીર પર વર્તાઈ નથી. ગયા અઠવાડિયે જ તેઓ રસીનો ૧૨મો ડોઝ લેવા જઈ રહ્યા હતા એ જ વખતે તેમને અટકાવવામાં આવ્યા હતા. જોકે, બિહારના મધેપુરા જિલ્લામાં પોતાના પરિવાર સાથે બ્રહ્મદેવ મંડલે રસીના આટલા બધા ડોઝ કઈ રીતે લીધા તે અંગે તપાસ શરૂ કરવામાં આવી છે.



આ વિશે વાત કરતાં મધેપુરા જિલ્લાના સિવિલ સર્જન જણાવે છે કે તપાસમાં અમને એવું જાણવા મળ્યું હતું કે બ્રહ્મદેવે ચાર અલગ અલગ જગ્યાએથી રસીના આઠ ડોઝ લીધા છે. આવું કઈ રીતે થયું, શું કામ થયું એ વિશે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. જોઈએ હવે આગળ તપાસમાં શું સામે આવે છે.

પણ એ પહેલાં આપણે વાત કરીએ લઈએ કે આખરે આ રસીકરણની પ્રક્રિયા કઈ રીતે હાથ ધરવામાં આવે છે એની. ભારતમાં ૧૬ જાન્યુઆરી, ૨૦૨૧થી રસીકરણની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી અને ત્યારથી જ બે સ્વદેશી રસી કોવિશિલ્ડ તેમ જ કોવેક્સિન, સ્પુતનિક પણ આપવામાં આવી રહી છે. આ બન્ને રસીના બે ડોઝ લેવાના હોય છે, જે પૈકી કોવેક્સિનનાં પ્રથમ ડોઝ બાદ ચારથી છ સપ્તાહ અને કોવિશિલ્ડના પ્રથમ ડોઝ બાદ ૧૨થી ૧૬ સપ્તાહની રાહ જોવી પડતી હોય છે.

જોકે, આ બધા વચ્ચે આજે પણ ભારતમાં રસીકરણ એ મરજિયાત છે અને આજની તારીખમાં પણ દેશભરમાં મોટા ભાગે સરકાર દ્વારા સંચાલિત ૯૦ હજારથી વધારે કેન્દ્ર પર રસીકરણની પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. આ કેન્દ્રોમાં એવા 'વોક-ઇન કેમ્પ'નો પણ સમાવેશ થાય છે, જ્યાં ઑનલાઇન રજિસ્ટ્રેશન વગર માત્ર સરકાર દ્વારા પ્રમાણિત કરવામાં આવેલા ૧૦ પુરાવા પૈકી કોઈ પણ એક પુરાવો સાથે રાખીને રસી મેળવી શકાય છે. આ કેન્દ્રો પરથી માહિતી એકઠી કરાઈને ભારતના રસી માટેના પોર્ટલ કોવિન પર અપલોડ કરવામાં આવે છે.

હવે વાત કરીએ કે આખરે બ્રહ્મદેવના કેસમાં ક્યાં લોચો પડ્યો હોઈ શકે એની. શરૂઆતની તપાસમાં એવું સામે આવ્યું હતું કે બ્રહ્મદેવ મંડલે એક જ દિવસમાં 'માત્ર અડધો કલાકના અંતરાલમાં' રસીના બે ડોઝ લઈ લીધા હતા અને તેમના આ બંને ડોઝનું રજિસ્ટ્રેશન કોવિન પોર્ટલ પર કરવામાં આવ્યું હતું.

મધેપુરાના સિવિલ સર્જનના મતે, 'અમે ખુદ પણ સ્તબ્ધ છીએ કે આમ કઈ રીતે થયું. આ જોતાં લાગે છે કે પોર્ટલમાં જ કોઈ ખામી સર્જાઈ હશે, પરંતુ અમે આ અંગે વધુ તપાસ કરી રહ્યા છીએ કે આ પોર્ટલની ખામીને કારણે થયું છે કે પછી વેક્સિન સેન્ટર ચલાવનારાઓની કોઈ બેદરકારીને કારણે?'

આ અંગે વધુ વાત કરતાં આરોગ્ય ખાતાના એક નિષ્ણાત જણાવે છે કે 'જો કેન્દ્રો પરથી રસીકરણનો ડેટા મોડેથી પોર્ટલ પર અપલોડ થતો હોય તો જ આ પ્રકારની ઘટના બની શકે છે, પરંતુ તેમ છતાં આશ્ચર્યજનક બાબત તો એ છે કે આટલા લાંબા સમયમાં આટલા બધા રસીના ડોઝ લીધા હોવા છતાં કોઈ ને કઈ રીતે આ ઘટનાની ગંધ કેમ ન આવી કે પછી કોઈને આ વિશે ખબર કેમ ન પડી?'

એક તરફ બ્રહ્મદેવને વેક્સિનના આટલા ડોઝ કઈ રીતે મળ્યા એની તપાસ ચાલી રહી છે ત્યાં જ બીજી બાજુ બ્રહ્મદેવ તો કંઈક અલગ જ કહાણી જણાવી રહ્યા છે. તેમણે લીધેલા રસીના તમામ ડોઝની તારીખ, સમય અને સ્થળ સહિતની તમામ માહિતી એક કાગળ પર લખીને રાખી છે. તેઓ દાવો કરે છે કે ફેબ્રુઆરીથી ડિસેમ્બર મહિના સુધીમાં તેમણે રસીના ૧૧ ડોઝ લઈ લીધા છે. 'આ રસીના ડોઝ લેવા હું માધેપુરા સહિત આસપાસના બે જિલ્લામાં ફર્યો હતો. આમાંથી કેટલાંક વેક્સિન સેન્ટર તો મારા ગામથી સોએક કિલોમીટર જેટલાં દૂર હતાં. રસીકરણ કેન્દ્રો પર મેં બે પુરાવાનો ઉપયોગ કર્યો હતો.'

આગળ બ્રહ્મદેવ જણાવે છે કે, પોસ્ટમેન તરીકે નોકરી શરૂ કરતાં પહેલાં તેઓ પોતાના ગામના એક અપ્રશિક્ષિત તબીબ હતા અને તેઓ બીમારીઓ અંગે થોડું ઘણું જાણે પણ છે. તેઓ વધુમાં કહે છે કે, 'રસી લીધા બાદ મારા શરીરમાંથી દુખાવો મટી ગયો હતો. મને ઘૂંટણમાં દુખાવો હતો અને હું લાકડી વગર ચાલી શકતો ન હતો. હવે લાકડીની જરૂર પણ નથી પડતી.'

વેક્સિનના આટલા બધા ડોઝની કોઈ સાઈડ ઈફેક્ટ થાય છે કે કેમ એ બાબતે નિષ્ણાતો સાથે વાત કરી તો એવું જાણવા મળ્યું હતું કે, 'સામાન્ય પણે કોરોનાની રસી લીધા બાદ તાવ, માથામાં દુખાવો તેમ જ બેચેની જેવી સામાન્યથી હળવી આડ અસર જોવા મળે છે. એલર્જીને લગતી ગંભીર આડ અસર ખૂબ જ ઓછા કેસમાં જોવા મળે છે.'

એટલું જ નહીં નિષ્ણાતોએ એવું પણ જણાવ્યું હતું કે આ આડ અસર માત્ર પ્રથમ અને બીજા ડોઝ વખતે જ જોવા મળે છે. આ બંને ડોઝ દરમિયાન જ શરીરમાં ઍન્ટિબોડી બની ગયા હોવાથી ત્યાર બાદ વધારે ડોઝ લીધા બાદ પણ આડ અસરની શક્યતા એકદમ નહીંવત્ જ હોય છે, કારણ કે રસીમાં એવા કોઈ ઘટકો હોતા જ નથી.

રહી વાત ભારતમાં અત્યાર સુધી થયેલા રસીકરણની તો ભારતની ૬૫ ટકા યુવા વસતીએ રસીના બંને ડોઝ લઈ લીધા છે. જ્યારે ૯૧ ટકા વસતીએ રસીનો પ્રથમ ડોઝ લીધો છે. બિહારમાં આ આંકડા રાષ્ટ્રીય સરેરાશથી પણ ઓછા છે. બિહારની ૩૬ ટકા યુવા વસતી સંપૂર્ણ વેક્સિનેટેડ છે અને ૪૯ ટકા લોકોએ રસીનો પ્રથમ ડોઝ લઈ લીધો છે.

પણ ભાઈ એક વાત તો છે કે બ્રહ્મદેવ મંડલની હિંમતને દાદ આપવી જોઈએ કે તેમણે જોલ જુગાડ કરીને રસીના ૧૧-૧૧ ડોઝ લઈ લીધા અને કોઈને તેની જાણ પણ નહીં થઈ. આને કહેવાય અંધેરી નગરી ને ગંડુ રાજા! ■

મસ્તરામની મસ્તી

feedback@bombaysamachar.com
મિલન ત્રિવેદી

# કાય...પો છે...



'ખેંચ ખેંચ ખેંચ... અરે યાર, કીધું હતું કે ખેંચ...', 'ઢીલ મૂકીને ખેંચવાનો જ હતો...', 'ધ્યાન બહાર સાલો પેચ લગાવી ગયો', 'આ ધ્યાન રાખવાનો જ સમય હોય. જરાક અમથું ધ્યાન ભટક્યું કે બાજુવાળો લપેટી લે.'

ઉપરોક્ત સંવાદો તમને એમ લાગે કે ઉત્તરાયણના છે. કોઈક ધાબે સંભળાતા હશે, પરંતુ અત્યારે ઉત્તર પ્રદેશ, ગોવા તથા અન્ય રાજ્યમાં પણ પતંગ જેવા નેતાઓ આકાશરૂપી ચૂંટણીના મેદાનમાં મુક્ત મને લહેરાઈ રહ્યા છે. લપેટાઈ રહ્યા છે અને લૂંટાઈ રહ્યા છે. એટલે આ સંવાદો તમે કોઈ પક્ષના કાર્યાલયમાં પણ ફિટ કરી શકો. ધારાસભ્યો વેચાઈ અને વહેંચાઈ રહ્યા છે. જરા ગફલત થાય એટલે સામા પક્ષના ડાલામથ્થા જેવા પતંગ નાના નાના પતંગને ક્યારે કાપી નાખશે કહેવાય નહીં. કાપાકાપીની મોસમ ચાલુ છે.

પતંગ આકાશમાં વિહરવા લાગે ત્યારે પુરુષ જાતિ બની જતો હોય છે. બહુ મજાથી એકલો વિહરતો હોય પણ જેવો જુએ કે બાજુમાં કોઈ સારી પતંગ આવે એટલે તરત જ એ તરફ ઝૂકવા લાગે છે. કોઈ ધાબા પર રંગબેરંગી પતંગિયાં જેવી કન્યા જોઈ જાય એટલે તરત જ ત્યાં ધાબા પર ગુલાંટ મારવાનો પ્રયત્ન કરે જ. સમાજ આવા ગોથાળિયા પતંગને જે બાજુ નમતો હોય તેની વિરુદ્ધ દિશામાં કન્ની બાંધે એટલે ગૂઢ અર્થમાં સમજીએ તો પરણાવી દે, પણ જો યોગ્ય કન્ની ન બંધાઈ હોય તો વારે-તહેવારે ફરી પોતાના સ્વભાવમાં પ્રવેશ કરીને ગુલાંટ મારવાનું ચાલુ રાખે છે, આવા સમયે તેને પૂંછડું બાંધવામાં આવે છે એટલે કે એક-બે બાળકો થાય તો ભાઈ ગુલાંટ મારવાનું ભૂલી સ્થિર થઈ જાય. પતંગને કન્ના બાંધવામાં આવે. આમ તો મૂળ સ્વરૂપે આ શબ્દ કન્યા હોવો જોઈએ. યોગ્ય કન્યા બાંધીએ તો પુરુષ ગુલાંટ નથી મારતો, પણ જો આડીઅવળી કન્યા ભટકાય તો એક બાજુ ગાંઠની સંખ્યા વધારીને બેલેન્સ કરવાનો પ્રયત્ન પણ કરી જોવો જોઈએ. જો ચારિત્ર્ય ફાટે એટલે કે પતંગ ફાટે તો ગુંદરપટ્ટી જેવી સ્ત્રીલિંગ ઘરની જ કોઈ વ્યક્તિ ત્યાં એવી રીતે ચીપકી જાય કે ભાઈ ગોથું જ ન ખાઈ શકે. પુરુષ ગમે તેટલો ગગનમાં વિહરે અને માની લે કે હું આઝાદ છું, પણ એ માત્ર વહેમ હોય છે, કેમ કે તેની સાથે દોરી બંધાયેલી હોય છે. દોરી એટલે સ્ત્રીલિંગ અને આ દોરીમાં પૂરતી તાકાત હોય છે કે પતંગને કઈ તરફ જવા દેવો. બહુ દૂર જવાનો પ્રયત્ન કરે તો તરત ખેંચી પણ લે! દોરી સ્ત્રીલિંગ હોવાનું દૃઢપણે એટલે માની શકાય, કેમ કે જો ફીરકીમાં યોગ્ય રીતે ન વીંટાય તો ગૂંચ થાય, જીવન ગોટાળે ચડાવી દે. બહુ પ્રયત્નપૂર્વક ગૂંચ કાઢો તો ઠીક છે, બાકી દોરી કાપીને ગાંઠ મારવી પડે અને તમે અનુભવ્યું જ હશે કે પતંગ જ્યારે કપાય ત્યારે ગાંઠેથી જ કપાતો હોય છે. ફીરકી એ પરિવાર છે. જ્યાં સુધી દોરી પરિવારમાં યોગ્ય રીતે વીંટાય ને સચવાય ત્યાં સુધી કોઈ પ્રશ્ન હોતો નથી એટલે જ ફીરકી પકડનારને ઘરનો મોભી કહી શકાય. ક્યારે કેટલી ઢીલ છોડવી અને ક્યારે પાછી ફીરકીમાં તરત વીંટી લેવી એ સમજ જીવનમાં ગૂંચ થતી અટકાવે છે.

અમારા ચૂનિયાનું તો એક જ કામ છે. તેનાં બાળકોને બે દિવસ અગાઉથી પાડોશમાં જાસૂસી કરવા મોકલી આપે કે જઈને જોઈ આવો કોણે કેટલી પતંગ, દોરી, કેટલા જીંજરા, ચીકી લીધાં છે. કોણ ઊંધિયું બનાવવાના છે. એ પ્રમાણે સવારથી કોની અગાસીએ ચડી અને પારકી પતંગ ચડાવવી, કોનો નાસ્તો ખુટાડવો અને કોને ત્યાં જમવાના ધામા નાખવા તે અગાઉથી રાત્રે નક્કી થઈ જાય છે. યજમાનનાં એટલાં બધાં વખાણ કરે કે પોતાના ભાગનું પણ ચૂનિયાના પરિવારને અર્પણ કરી દે આ ચૂનિયાની આવડત છે. કોઈ સરસ રીતે એન્જોય કરતું હોય તો તેના હાથમાંથી પતંગ લઈ આખો પરિવાર ઠૂમકા મારી લે. જીંજરા તો એવી રીતે ખાય જાણે બે દિવસની ભૂખી બકરી સામે ચારો મૂક્યો હોય. ગોળનો મહિમા સમજાવી ચીકીનો સોથ બોલાવી દે. ઊંધિયું આરોગ્ય માટે ગુણકારી એવું જ્ઞાન પાઈને થાળી ભરીને ઉલાળી જાય. મુંબઈમાં પતંગબાજી ઓછી છે. અહીં દેશમાં તો સગ્ગી સાળીના સમ દઈને ધાબેથી ઉતારવા પડે. કોરોનાને કારણે સરકાર નિયંત્રણ લાદે, પરંતુ લોકો રેલીની જેમ ગાંઠતા નથી.

પતંગબાજી જીવનની ફિલોસોફી પણ સમજાવે છે કે બહુ હવામાં ન રહેવું. વધારે પડતી હવા પતંગને ફાડી નાખે છે. મેદાન સાફ કરવાની ગણતરીએ અભિમાનથી ભરેલો પતંગ ફાટીને ગોળ ગોળ ફરી જમીન પર પટકાતો હોય છે, જ્યારે સાવ હવા બહાર પતંગ ઉડાડવાની કોશિશ પણ બાવડાં દુખાડવા સિવાય કશું જ પરિણામ લાવતો નથી. જેમ 'જીવો અને જીવવા દો' સૂત્ર છે એમ જ 'ઊડો અને ઊડવા દો' એટલે કે 'મજા લ્યો અને લેવા દો' જેવા સૂત્ર સાથે એક ઉત્સવની રીતે જ પતંગનો આનંદ ઉઠાવવો જોઈએ. ચાલો ત્યારે, તમે ઉઠાવો પતંગ અને મારો ઠૂમકા. બાજુવાળો પતંગ ચગ્યા પહેલાં જ કાપી ન જાય તેનું સહેજ ધ્યાન રાખજો. ■

## વિચારવાયુ

૧૪મી જાન્યુઆરીથી બરાબર એક મહિના પછી ૧૪મી ફેબ્રુઆરી, વેલેન્ટાઈન્સ ડે આવે છે. જુવાનિયાઓ દાણા નાખે છે કદાચ મહિના પછી અંકુર ફૂટે તો...

અરાઉન્ડ ધ વર્લ્ડ

pratiksha.thanki@bombaysamachar.com
પ્રતીક્ષા થાનકી

# લુમિનસ લગૂનઃ ચળકતા પાણીમાં એક ડૂબકી...









ફરી પાછી કોવિડની લહેર એવી વિચિત્ર પરિસ્થિતિ લાવીને બેસી ગઈ છે કે ભવિષ્યનો, ખાસ કરીને કોઈ પણ પ્રકારના પ્રવાસનો પ્લાન કરવો કે નહીં તે પ્રશ્ન પાછો આવી ગયો છે. જોકે આ પ્રશ્ન આમ તો પ્રિવિલેજ જ કહેવાય. તેમાંય બિનજરૂરી પ્રવાસ જો કેન્સલ થઈ શકે તેમ હોય તો ગમે તેમ કરીને બહાર નીકળવું જ એ આગ્રહ ન રાખવામાં ઘણું શાણપણ છે. બીજી તરફ લોકોને કામધંધા માટે તો બહાર નીકળવું જ રહ્યું. એવામાં આ પેન્ડેમિકના બ્રેકમાં જમૈકાનાં લોકોનું મોઢું પેન્ડેમિકનું નામ લેતાં જ પડી જતું હતું. દુનિયાભરમાં એ જ મામલો છે. ૨૦૨૦માં જે ખાડો પડ્યો તે ૨૦૨૧માં માંડમાંડ ફરી લાઇન પર આવી રહ્યો હતો, પણ ફરી ૨૦૨૨ તો આવી ગયું, લૉકડાઉનનો અલગ પ્રકાર દુનિયાને ફરી અનુભવવા મળી રહ્યો છે. હવે તો કોરોના આર્કિટેક્ચર, આર્ટ અને ટ્રાવેલ પર લોંગટર્મ ઇફેક્ટ છોડીને જાય તેમ છે. જોકે ૨૦૨૧ના નવેમ્બરમાં જે મોકો મળ્યો તેમાં જમૈકાનો ટૂરિસ્ટ કોરિડોર જે પણ અલાઉ કરતો હતો તે બધું અમે માણીને આવ્યાં. બીજું જે કંઈ પણ હોય, કોરોના પછી ફરવા મળે તો આ ફરી કરવા મળે કે નહીં તે વિચાર સાથે જાણે વધુ મજા આવે છે.

લુમિનસ લગૂન તરફ જતી બસમાં એ જ ચર્ચા થઈ રહી હતી કે હવે કોઈ સ્થળની મુલાકાત લેતી વખતે અહીં ફરી ક્યારેક આવીશું ત્યારના પ્લાન મગજમાં નથી આવતા. ડન્ન વોટરફોલમાં જરા વધારે પડતા જલસા કરી લીધેલા. એ પણ નક્કી હતું કે આ અનોખા ધોધ પર અમે ફરી કદી નથી જવાનાં. ત્યાંથી કલાકના અંતરે હવે અમે લુમિનસ લગૂનમાં ફરી પાણીમાં ડૂબકી મારવાનાં હતાં, અને તેના માટે અંધારું થવું જરૂરી હતું. આ બાયોલુમિનેસેન્ટ બીચ પણ જમૈકા સિવાય બીજી ત્રણ જગ્યાએ છે. ત્યાં પાણીમાં હિલચાલ થતાં પાણી જ પ્રકાશિત થઈ ઊઠે છે. આ કોનસેપ્ટ સાંભળીને જ મજા આવી જાય છે, અનો ખરેખર તે જોવા મળવાનું પણ નોર્ધર્ન લાઇટ્સ જોવા જેટલું જ અનોખું છે.

આ લગૂનમાં આમ તો બોટ લઈને નીકળી પડવાનું પણ શક્ય છે, પણ અમે તો ફિક્સ કરેલી ટૂર બસ સાથે આવેલાં, એટલે અમને એક રેસ્ટૉરાં પર લઈ જવામાં આવ્યાં. ત્યાં પહેલાં એક ટ્રાઇબલ ડાન્સ જોવા મળ્યો. એક તરફ તે જોવાની ઇચ્છા તો હતી અને મજા પણ આવતી હતી, બીજી તરફ ડન્ન વોટરફોલની હાઇક પછી બધાં થોડાં થાકેલાં હતાં. અમને એમ કે અહીં આવીને સીધાં બોટ પર સવાર થઈ ચમકતો લગૂન જોવા મળી જશે અને અમે રિસોર્ટ ભેગાં થઈ જઇશું, પણ આ રેસ્ટૉરાં પર અમારી આગળવાળી બોટ પાછી આવે, પછી તે સેનિટાઇઝ થાય, પછી અમે તેમાં જવાનાં હતાં. ત્યાં સુધી અમારા માટે મનોરંજન અને વેલકમ ડ્રિંકની વ્યવસ્થા હતી.

તે ટ્રાઇબલ ડાન્સમાં પણ એક જમૈકન ડાન્સર એવી રીતે લિમ્બો ડાન્સ કરતો હતો કે સસ્પેન્સ ફિલ્મ જેવો થ્રિલિંગ માહોલ બની ગયેલો. તેણે એક પોલ પર આગ લગાડીને તેની નીચેથી નીકળતો, દર થોડી મિનિટે પોલ વધુ નીચો કરી દેતો. તેને જોવામાં અમે એવાં મશગૂલ થઈ ગયાં કે અમને બોટ પર જવાનો ટાઇમ થઈ ગયો છે તે માટે માણસે બીજી વાર બોલાવવા આવવું પડ્યું.

ફોલમુથ પોર્ટ આસપાસનો આ વિસ્તાર હાલમાં તો ટૂરિસ્ટ સ્પોટ જ બનીને રહી ગયો છે. એક જમાનામાં અહીં જમૈકાની ખાંડને લઈ જવા માટે અંગ્રેજોએ આ પોર્ટ ખાસ બંધાવ્યું હતું. એ જ સમય દરમ્યાન ૧૮મી અને ૧૯મી સદીમાં વિજ્ઞાનના વિકાસ સાથે એ પણ સમજાયેલું કે ખાસ આ લગૂનમાં એવાં માઇક્રોઓર્ગેનિઝમ છે જેના પર વર્ષો સુધી અભ્યાસ થઈ શકે. સાંભળવામાં તો એમ પણ આવ્યું હતું કે અહીં હિલચાલ સાથે જે લાઇટ પાણીમાંથી આવે છે, તેમાં ક્યારેક તો અંદરની માછલીઓની આઉટલાઇન પણ જોવા મળી જાય છે. અમારા માટે આ બોટ રાઇડ પહેલાં બગ રિપેલન્ટ લગાવીને જવાનું ફરજિયાત હતું. ગાઇડ બોટને માંડ દસ મિનિટ જેટલું પાણીમાં અંદર લઈ ગયો અને હજી ત્યાંથી કિનારો અને રેસ્ટૉરાં પણ દેખાતાં હતાં.

લુમિનસ લગૂનના અમે ઘણા વીડિયો અને ફોટોગ્રાફ્સ જોયા હતા. ખરો અનુભવ જરા ઓછો ચમકીલો લાગ્યો. કદાચ એટલા માટે પણ હોઈ શકે કે અમારી બોટ પાણીમાં ખાસ દૂર સુધી નહોતી ગઈ, એટલે કિનારાની લાઇટોના કારણે પાણીની લાઈટ ઝાંખી પડી જતી હતી. વળી ગાઇડે એ પણ કહ્યું કે આ પાણીને ચમકાવતો બેક્ટેરિયા ખારા પાણીમાં હોય છે, આ લગૂનના વિસ્તારમાં ગઈ રાતે વરસાદ પડ્યો હતો તેના કારણે મીઠું પાણી પણ હતું અને તેના કારણે બધા પાણીમાં પડ્યા પછી પ્રકાશ ઘણો ઝાંખો લાગતો હતો. તેમ છતાંય એક વાત તો નક્કી હતી. આ નોર્મલ લગૂન ન હતો. વળી ગાઇડે તો એમ પણ ચડાવ્યાં કે અહીંના પાણીમાં ડૂબકી મારવાથી સ્કીન પ્રોબ્લેમો દૂર થઈ જાય છે અને ઘણી બીજી બીમારીઓનું નિવારણ આવી જાય છે. સ્થાનિક લોકવાયકાઓને માન આપીને અમે બધાં ત્યાં મજાનો સમય વિતાવ્યો. જોકે અમને એ પણ સાંભળવા મળ્યું કે દર સાંજે લાઇટનું તેજ અલગ સ્તરનું હોય છે. અમારા ગ્રુપમાંથી ભૂષણ અને તેનો પરિવાર અહીં બીજી વાર આવેલાં. તેમણે પણ એ જ વાત કહી. લુમિનસ લગૂન જવા મળ્યું એ જ મોટી વાત હતી. ત્યાં મિત્રો સાથે એટલી મજા કરી હતી કે લાઇટ ઝાંખી હોવાનું પછી જરાય મહત્ત્વનું ન લાગ્યું. બધાં પાછાં પલળી ગયેલાં. ફરી એસી બસમાં રિસોર્ટ સુધી પહોંચવામાં ઠૂંઠવાઈ પણ ગયાં. જોકે આખો દિવસ એવો ભરચક રહેલો કે એક જ દિવસમાં બે જૂજ સાઇટ જોઈ હોવાનું, તે પણ કોરોનાકાળમાં કોઈ પ્રિવિલેજથી કમ નહોતું લાગતું. હજી તો બોબ મારલેનું ઘર જોવાનું બાકી હતું. ■